વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૪ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : ફેબ્રુઆરી ૨૨, ૨૦૨૬

# દરેક માટે આરોગ્ય સેવાઃ ભારતની સાર્વત્રિક આરોગ્ય સંભાળની આગળ વધતી સફર

'સેવા'ના સભ્યો હંમેશાં આપણને યાદ અપાવે છે કે, 'અમારું શરીર એ જ અમારી મૂડી છે.' અને સારા આરોગ્ય વગર પગભર બનવું શક્ય નથી. વળી આપણા સભ્યો કહે છે કે, 'આરોગ્ય પર થતો ખર્ચ અમારી મહેનતે કમાયેલો પૈસો ખાઈ જાય છે અને ઘણી વખત અમને દેવામાં ધકેલી દે છે.' આ કારણે, તાજેતરમાં પ્રકાશિત થયેલ લાન્સેટ કમિશનનો અહેવાલ, ભારતમાં આરોગ્ય સંભાળને નવી દિશા આપે છે. જે અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી મહિલા કામદારો માટે ખૂબ જ મહત્વનો છે.

લાન્સેટ, બ્રિટનમાંથી પ્રકાશિત થતું એક પ્રતિષ્ઠિત તબીબી સામયિક છે, જે વર્ષ ૧૮૨૩થી કાર્યરત છે. ૨૦૨૦માં, લાન્સેટે ભારતની આરોગ્ય વ્યવસ્થાની સ્થિતિ સમજવા માટે એક કમિશન રચ્યું અને નિષ્ણાંતોને અહેવાલ તૈયાર કરવાની જવાબદારી સોંપી.

'સેવા'ના પ્રતિનિધિ તરીકે મારુ સદ્‌ભાગ્ય હતું કે, મને કમિશ્નર તરીકે આ કમિશનમાં નિમંત્રિત કરી. જેથી અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા ગરીબ શ્રમજીવી બહેનો અને તેમના કુટુંબીજનોની વાત અને જરૂરિયાતો આ અહેવાલમાં સામેલ થઇ છે. આ કમિશનની ભલામણો અનેક અભ્યાસોને ધ્યાનમાં લઈ તૈયાર કરવામાં આવી છે.

કમિશનના ભાગરૂપે એક વિશાળ અભ્યાસ કરવામાં આવ્યો, જેમાં આપણાં દેશના ૨૯ રાજ્યો અને ૧૨૧ જિલ્લાના ૫૦,૦૦૦ ઘરોને સમાવેશ કર્યા. આ સર્વેમાં લોકો આરોગ્ય સેવાઓ વિશે શું વિચારે છે ? તેમને ક્યાં મુશ્કેલી પડે છે ? તે બધું જાણવા મળ્યું. આ અભ્યાસ અને અન્ય સંશોધન પરથી તૈયાર થયેલા આ અહેવાલમાં સાર્વત્રિક (સર્વે માટે) આરોગ્ય સંભાળ (યુનિવર્સલ હેલ્થ કવરેજ)ને અગ્રીમતા આપવા ભલામણ કરવામાં આવી. અર્થાત્, દરેક નાગરિકને સારી, પરવડતી અને ગુણવત્તાવાળી આરોગ્ય સેવા મળવી જોઈએ.

૨૧ જાન્યુઆરીએ દિલ્હીમાં યોજાયેલા લાન્સેટ કમીશનના તૈયાર થયેલ અહેવાલ પ્રસંગે નિષ્ણાંતો, સંશોધકો અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ વચ્ચે રજૂઆત કરવામાં આવી.

આ પ્રસંગે ઉપસ્થિત પ્રતિનિધિઓ સહમત થયા કે, ભારત એક મહત્વના પડાવ પર ઊભો છે. આપણા દેશે ઘણી પ્રગતિ કરી છે. પરંતુ દરેક નાગરિકને સારી અને પરવડતી આરોગ્ય સેવા પહોંચાડવી જરૂરી છે. સહુ માટે આરોગ્ય સેવા એટલે કે, સાર્વત્રિક આરોગ્ય સંભાળ (યુનિવર્સલ હેલ્થ કવરેજ) મેળવવાની બાકી છે. જેમાં લોકોએ સક્રિય રીતે ભાગ લઈને સરકારને આ લક્ષ્ય સુધી પહોંચવા માટે સાથ આપવો પડશે. યુનિવર્સલ હેલ્થ કવરેજ એટલે

સાર્વત્રિક આરોગ્ય સંભાળ. એ માત્ર બિમારી આવે ત્યારે સારવાર પૂરતી સીમિત નથી. તેમાં અલગ અલગ પાસાઓ સામેલ છે જેમ કે;

- રોગને અટકાવો, આરોગ્ય શિક્ષણ અને જાગૃતિ,
- સમયસર તપાસ અને સારવાર
- લાંબાગાળાની બિમારીઓની સંભાળ
- માનસિક સ્વાસ્થ્યની કાળજી, કામદાર માટે વ્યવસાય સ્વાસ્થ્ય સેવા
- વૃદ્ધાવસ્થામાં થતી બિમારીઓને અટકાવવાની સંભાળ

ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે ઘણા સુધારા કર્યા છે. જેમાં નવી યોજના અને આરોગ્ય માળખું સામેલ છે, સાથે સાથે ટેકનોલોજીનો ઉપયોગ પણ વધ્યો છે. પરંતુ લાન્સેટ કમિશનના અહેવાલમાં જણાવ્યા મુજબ મુખ્ય પડકારો જોઈએ તો, સારવારની ગુણવત્તામાં અસમાનતા, આરોગ્ય સેવાઓનું વિભાજન, હજી લોકોને પોતાના પૈસા આરોગ્ય સારવાર માટે ખર્ચવા પડે છે અને નાગરિકોના આરોગ્યને લગતા મંતવ્યો તથા જરૂરિયાતો જોઈએ એટલા ધ્યાનમાં લેવાતા નથી. અહેવાલ સ્પષ્ટ કહે છે કે, હવે પૈસા અને વ્યવસ્થાની ખામી નથી, પરંતુ આરોગ્ય વ્યવસ્થા છેક છેવાડાના લોકો સુધી પહોંચાડવી જરૂરી છે.

કમિશન કહે છે કે, આપણી સરકારે ગામમાં અને શેરી-મહોલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઊભા કર્યા છે. વધુમાં હવે પૂરતા પ્રમાણમાં મોટે ભાગે આશાવર્કરો, નર્સબહેનો સ્થાનિક સ્તરે આરોગ્ય સેવા પહોંચાડે છે.

જરૂરિયાતવાળી દવાઓ પણ પહેલા કરતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર સરળતાથી મળે છે. પરંતુ, આપણાં સભ્ય અને આમ જનતા વધારે તો ખાનગી દવાખાનાથી આરોગ્ય સેવાઓ મેળવે છે. જે સરકારી આરોગ્ય સેવા કરતાં ૩થી ૪ ગણા મોંઘા ખર્ચાળ પડે છે અને તેની ગુણવત્તા પણ દર વખતે બરાબર નથી હોતી. જેમાં આપણે સેવામાં માનીએ છીએ તેમ કમિશનના અહેવાલ પણ ભારપૂર્વક દર્શાવે છે કે, આરોગ્ય સેવા દરેક માટે મૂળભૂત અધિકાર છે. કેટલાક સિદ્ધાંતોને અપનાવવાની જરૂર છે, જેમાં સૌ પ્રથમ પરવડે એવી સારી ગુણવત્તા વાળી આરોગ્ય સેવા લોકોના ઘર આંગણે મળવી જોઈએ. જેથી તેઓ બિમારી દરમ્યાન દેવાદાર ના બને. મૂળભૂત આરોગ્ય સેવા સ્થાનિક લોકોના મારફતે આપવામાં આવવી જોઈએ અને ખાસ બહેનો મારફતે. એના અનુસંધાનમાં હાલના મહેનતી આશાવર્કર બહેનોને વધુ જવાબદારી સોંપીને તેમને સરખું મહેનતાણું આપવું જોઈએ. જેમાં પ્રોત્સાહન પણ હોય (ઇન્સેન્ટીવ) અને નક્કી કરેલ રકમ પણ હોય.

લોકો સુધી પહોંચ વધારવા અને સેવાઓની ગુણવત્તા સુધારવા માટે ડિજિટલ માધ્યમ અને ટેકનોલોજી ઉપયોગી રહેશે. આ ટેકનોલોજી આશાવર્કર જેવા સ્થાનિક આરોગ્ય કાર્યકરના હાથમાં આપવી જોઈએ અને તેઓને જરૂરી તાલીમ અને ટેકો આપવો જોઈએ. આ તમામ કાર્ય માટે સરકારને વધારે મૂડી રોકાણ કરવું પડશે. જેથી તમામ કામદારો અને આમ જનતા સ્વસ્થ્ય અને સુરક્ષિત રહે. વધુ મૂડી રોકાણ પ્રાથમિક આરોગ્ય સંભાળ અને અટકાવ ને પ્રાધાન્ય આપવું જોઈએ.

અટકાવ માટે આરોગ્ય સેવા સિવાય, પ્રદૂષણ મુક્ત આકાશ, સ્વચ્છ પાણી, શૌચાલય અને પોષક આહાર ખૂબ જરૂરી છે. આના વગર આરોગ્ય સચવાશે નહીં. ‘સેવાના ઉદ્દેશ્યમાં પૂર્ણ રોજગાર સામેલ છે જેમાં, આ તમામ સુવિધાઓ સામેલ છે. કામ અને આવકની સલામતી અને ખાધ્યની સલામતી વગર આરોગ્ય કેવી રીતે સચવાય ? બાળસેવા, વીમો સેવા, ઘરની માલિકી, પેન્શન અને નાણાંકીય સેવા પણ એટલી જરૂરી છે. આમ ‘સેવા’ના સંકલિત અભિગમથી જ આપણાં સભ્યો તથા તેમના કુટુંબીજનોના આરોગ્ય સચવાશે અને પગભરતા તરફ આગળ વધાશે.

**- મિરાઈ**

❑

## શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘની ૩૩મી વાર્ષિક સાધારણ સભા

શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘની ૩૩મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં ‘ચંદા નિવાસ’માં યોજાઈ ગઇ. સભાસદ મંડળીઓના પ્રતિનિધિઓ, ‘સેવા’ની ભગીની સંસ્થાના પ્રતિનિધિઓ, કે.જી. મહેતા સાહેબ, ઇરમા યુનિવર્સીટીના પ્રોફેસર, ઓડીટર રાજેશભાઈ એમ કુલ૧૫૦ સભ્યો હાજર રહ્યા હતા.

વાર્ષિક સાધારણ સભાની શરૂઆત સેવાની પરંપરા મુજબ સૌનુ સ્વાગત, સર્વધર્મ પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં

આવી. સંઘની વાર્ષિક સાધારણ સભાના પ્રમુખ સ્થાને મિરાઈબહેનની વરણી કરવામાં આવી અને તેમને સભા સંભાળતા એજન્ડા વાર સભા ચલાવી.

વધુમાં જણાવ્યું કે, આ વર્ષે નવું શીખવાનું, નવિન તકો અને વિકાસ સાથે પરિવર્તનનો સમય રહ્યો છે. આ વર્ષે આપણી બે ખેડૂત મહિલા સભ્ય મંડળીઓ શ્રી તાપી જિલ્લા મેઘા આદિવાસી મહિલા ખેત ઉત્પાદક સહકારી મંડળી લી. અને ખેડા તાલુકા મહિલા ફળ અને શાકભાજી ઉત્પાદન સહકારી મંડળી લીમીટેડ મંડળીઓએ ઈ-ખેતી કાર્યક્રમ દ્વારા ડિજિટાઈઝેશન પર કામ કર્યુ છે. સેવા ફેડરેશને જળ વાયુ પરિવર્તનથી થતી અસરને ઓળખવા અને નિવારણ માટે માહિતી મેળવી છે. મહિલા ઉદ્યમ દ્વારા આ વર્ષે પણ અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદાર મંડળીઓને ધંધાકીય આયોજન, મહિલાઓના નેતૃત્વ માટે ક્ષમતાવર્ધન, વહીવટ, નાણાંકીય વ્યવસ્થાપન, સંશોધન અને સંચાર જેવી સેવાઓ પૂરી પાડી છે. આ વર્ષે મંડળીઓને મજબૂત બનાવવા માટે તેમની જરૂરિયાતોનું મૂલ્યાંકન કર્યુ જેથી તેમની સાથે સઘન રીતે સંકળાયેલા રહી શકીએ. તળપદા આગેવાનો માટે સહભાગી શિક્ષણ કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ ગુજરાત, આસામ, ઝારખંડ અને ભારતના બીજા રાજ્યોમાં પણ શરુ કર્યો છે.

આ વર્ષે ખાદી અને ગ્રામોદ્યોગ નિગમ (KVIC) દ્વારા 'સ્ફૂર્તિ' કાર્યક્રમ 'આબોદાના' હસ્તકલા મંડળીને સુપરત કર્યો. જેમાં યુવા બહેનોને સહકારી ચળવળમાં જોડવા અને પ્રોત્સાહિત કરવા અસંગઠિત ક્ષેત્રની કામદાર બહેનોની દીકરીઓ અને પૌત્રીઓને સંગઠિત કરી તેમના રસ ના વિષયોમાં શક્તિ વિકાસ કરી તેમને આવનાર દિવસોમાં 'સૃજન' મંડળી તરીકે જોડશે અને આ બહેનો તેમની આવડત મુજબના કામો મેળવીને રોજગારી મેળવશે છે.

સંચાર અને સોશિયલ મીડિયા જેવી સેવાઓનો વ્યાપ વધારવા સંચાર ટીમે બહેનોની મંડળીઓની દશ્યતા વધારી છે. માત્ર તેમના પરિવાર અને ગામ પુરતું જ નહી, પરંતુ, પર્યાવરણલક્ષી ટકાઉ રોજગારી અપનાવીને દેશના નિમાર્ણમાં તેમનું યોગદાન આપ્યું છે. આ વર્ષે, નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણની (આંતરરાષ્ટ્રીય કો.ઓપરેટીવ અલાયન્સ) મિટીંગમાં આપણો અવાજ અને દશ્યતાને વૈશ્વિક મંચ પર લઈ જવા પ્રયાસ કર્યો. ત્યાં બે સત્રોનું સક્રિયપણે આયોજન કર્યુ, મુખ્ય સત્રમાં ભાગ લઇ અસંગઠિત મહિલા કામદારોની સહકારી મંડળીઓ પરની ફિલ્મ પ્રદર્શિત કરી. જેને ખૂબ પ્રસંશા મળી. 'આબોદાના' અને 'ગીતાંજલિ' મંડળી એ મિટીંગમાં ભાગ લેનાર ૧૦૦ દેશોના ૩૩૦૦ લોકો માટે કીટમાં નોટબૂક, બેગ અને એક ખાસ કેલેન્ડર બનાવી ખરેખર હવે, સેવા કો.ઓપરેટીવ ફેડરેશન વૈશ્વિક સહકારી આંદોલનનો સક્રિય ભાગ બની ગયું છે. ઈલાબહેન હંમેશા કહેતા કે, ''આપણે પ્રગતિ કરી છે, છતાં હજી પણ અસંગઠિત મહિલા કામદારોના અવાજ, દશ્યતા અને નેતૃત્વને સહકારી આંદોલનમાં જોડવા માટે રાજ્યોમાં, રાષ્ટ્રીય સ્તરે અને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવવા માટેના પ્રયત્ન આપણે કાયમ ચાલુ રાખીશું.''

વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક રીપોર્ટ વંચાણે લીધો. સેવા ફેડરેશનમાં ૧૧૨ સભાસદ મંડળીઓ કાર્યરત છે જે ૬ ક્ષેત્રમાં કામ કરે છે. જેમાં દુધ મંડળીઓ, હસ્તકલા, શ્રમ અને સેવા આપનાર, જમીન આધારિત, વેચાણ આધારિત, બચત અને ધિરાંણ, જિલ્લા એસોસિએશન અને સખીમંડળો જોડાયેલા છે. જેના કુલ શેર સભાસદ ૧,૬૪,૯૨૭ અને કુલ ૫,૪૭,૧૬૧/- સભ્યો સુધી પહોંચ્યા છે. આ વર્ષમાં ફેડરેશનને સરકારી ઓડીટમાં 'અ' વર્ગ મળ્યો છે.

ધંધાકીય વિકાસમાં તાપી જિલ્લા 'મેઘા' આદિવાસી મહિલા ખેત ઉત્પાદક સહકારી મંડળી લી. દ્વારા વર્ષ ૨૪-૨૫માં ૧૬૪ બહેનોએ રૂ.૫,૬૨,૪૦૬/-ની રોજગારી મેળવી છે. મંડળીનું ટર્ન ઓવર રૂ.૪૪,૬૪,૭૭૪/- થયું, જેમાં ૭૧ ગામોના ૩૨ કૃષિ સુવિધા કેન્દ્રો (૩૦ સ્થાનિક અને ૨ મુખ્ય) દ્વારા ૧૮૨૮ ખેડૂતો સુધી પહોચ્યા છે. અળસિયા ખાતરની તાલીમ લીધા પછી સભ્યોએ ખાતર બનાવાનું શરૂ કર્યુ છે.

શ્રી ખેડા તાલુકા મહિલા ફળ અને શાકભાજી ઉત્પાદન સહકારી મંડળી લી. દ્વારા વર્ષ ૨૪-૨૫માં ૨૬ બહેનોને રૂ.૧૮,૦૩૯/-ની રોજગારી આપવામાં આવી અને મંડળીનું ટર્ન ઓવર રૂ. ૧૨,૩૧,૫૪૫/- થયું, જેમાં ૧૦ ગામોમાં ૫ કૃષિ સુવિધા કેન્દ્રો દ્વારા ૮૬૬ ખેડૂતો સુધી પહોચ્યા છે. આ વર્ષે ખેડા મંડળીએ જળવાયુ પરિવર્તનની સમસ્યાને નીવારવા માટે ૧૦ ગોબર ગેસ યુનિટ બનાવ્યા જેનાથી સભ્યોને ઘર આંગણે રાંધણ ગેસની સુવિધા મળી અને તેઓ પશુઓના છાણમાંથી વૈજ્ઞાનિક પધ્ધતિથી ખાતર/સ્લરી બનાવતા થયા છે.

શ્રી આબોદાના મહિલા ઔદ્યોગિક સેવા સહકારી ઉત્પાદક મંડળી લી. દ્વારા આ વર્ષે ૪૩૨ બહેનોને રૂ.૧૪,૧૫,૯૯૭/- રોજગારી મળી અને મંડળીનું ટર્ન ઓવર રૂ. ૨૯,૫૪,૪૧૧/- થયું છે. સિલ્વર ઓક યુનિવર્સીટી, નિરમા યુનિવર્સીટી અને

જી.એલ.એસ યુનિવર્સીટી સાથે તાલીમ માટે કરાર કર્યા. મંડળીએ બિયોન્ડ ગેલેરી, કમલા કાફે, ભારત મંડપમ્ દિલ્લી અને સીડબી ખાતે પ્રદર્શનમાં ભાગ લીધો. મંડળીએ ૨૯૪ હસ્તકલા કારીગર બહેનોના વીમા રીન્યુ કરી અણધારી આફત સામે સુરક્ષિત કર્યા. કડીના કોમન ફેસીલીટેશન સેન્ટર (સી.એફ.સી) જે સરકાર શ્રી ના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગનો 'સ્ફૂર્તિ' કાર્યક્રમ અંતર્ગત મળેલ છે ત્યાં બહેનો આવીને કામ કરતા થાય તે માટે બહેનોને તાલીમ આપી રોજગારી આપવાનું કામ પૂરું પાડ્યું.

મંડળીઓની આંકડાકીય માહિતી જોતા હાલ ૧૨ મંડળીઓના કુલ ૧૦૬૧ બહેનોને રૂ. ૪,૦૭,૪૩,૩૭૪,૩૩/ની રોજગારી આપી અને ટર્ન ઓવર રૂ.૧૪,૫૩,૨૧,૮૩૯,૯૩/- થયું અને વધારો રૂ.૧,૪૬,૧૨,૭૦૫,૭૭/- થયો.

સૃજન કાર્યક્રમ દ્વારા યુવા બહેનોને તાલીમ આપી રોજગાર સાથે જોડાવાનું કામ કર્યુ છે જેમાં, કુલ ૪૬ બહેનોને કુલ રૂ. ૨૨,૮૭,૨૨૮/-ની રોજગારી આપવામાં આવી અને કુલ ૧૩ તાલીમ દ્વારા ૨૧૯ તાલીમાર્થીને અલગ-અલગ વિષય પર તાલીમ આપી અને કુલ ૧૧ એરિયા મિટીંગમાં ૧૮૬ બહેનોને સૃજન કાર્યક્રમની માહિતી અંગે માહિતગાર કર્યા. અને ૧૦ બહેનોને આગેવાન તરીકે તૈયાર કર્યા.

ઈ-ખેતી કાર્યક્રમ, સેવા ફેડરેશનના ખેતીમાં સંશોધન કરવા અને ડીજીટલ પ્લેટફોર્મ ડીઝાઈન કરવા માટેનો છે. જેમાં 'મેઘા' મંડળીના બહેનો ડીજીટલ કોબોટુલ દ્વારા પાંચ સંકલિત સાથીએ સભાસદોના સંપર્ક કરી ખેતી વિષયક માહિતી મેળવી છે.

સ્વાસ્થ્ય સુવિધા કાર્યક્રમ કે જે, 'લોક સ્વાસ્થ્ય મંડળી'ને તેમના આયુર્વેદિકના નવા બે ક્લિનિક ચાંદખેડા અને નિકોલ વિસ્તારમાં ખુલ્યા. અહી, આરોગ્ય સખી બહેનોને અલગ અલગ વિષય જેમ કે, આયુર્વેદિક પ્રોડકટના માર્કેટીંગ અને વેચાણ પર તાલીમ આપવામાં આવી અને તેઓ દ્વારા કુલ રૂ. ૭,૬૧,૦૦૩/-નું વેચાણ કરવામાં આવ્યું.

સંજીવની કાર્યક્રમ જેનો ઉદેશ્ય લોક સ્વાસ્થ્ય મંડળી દ્વારા મંડળીઓ પાસેથી જડીબુટ્ટી એકત્રિતકરણ કરી ત્યાંના બહેનો અને મંડળીઓને મદદ કરવાનો છે. જે અંતર્ગત વઘઈ કૃષિ સુવિધા, ઉમરપાડા તાલુકાના અને સુરત જડીબુટ્ટીના ડોક્ટર તેમજ તાપી વન વિભાગમાં મુલાકાત લઈ ૨૦ થી ૨૫ જડીબુટ્ટીની યાદી બનાવી. સ્થાનિક બજારની મુલાકાત લીધી અને ઔષધી કેલેન્ડર બનાવ્યું. જડીબુટ્ટીની ખેતી કરતા ૮૫૦ ખેડૂતોનો અભ્યાસ કર્યો.

સામુહિક શક્તિ કાર્યક્રમ અંતર્ગત મહિલા એન્ટર પ્રાઈઝ સપોર્ટ સીસ્ટમ (વેસ) તરીકે કામ કરવાના અનુભવને આધારે આપણે બહારના રાજ્ય જેમ કે રાજસ્થાન,મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં મંડળીઓ, સામાજીક સંસ્થાઓ દ્વારા રચિત બહેનોના જૂથ અને મંડળીઓ સાથે ચર્ચા કરી તેમની જરુરીયાત આધારિત કામગીરી કરી છે.

'કલાકૃતિ' ગારમેન્ટ ક્લસ્ટર (કે.વી.આઈ.સી) અંતર્ગત આબોદાના મંડળી માટે ખાદી માર્ક લેવા માટેની નોંધણીની પ્રક્રિયા કરી અને આ માટે જરૂરી ખાદીના નમુના બનાવ્યા.૧૭મી એ કાર્યકારી કમિટીની મિટીંગ કડી ખાતે થઈ જેમાં, સેવા ફેડરેશને સામુહિક ઉત્પાદન કેન્દ્ર (સી.એફ.સી)ની કામગીરી જવાબદારી આબોદાના મંડળીને સુપરત કરી.

સોશિયલ મીડિયા અને સંચાર અંતર્ગત સ્થાનિકથી વૈશ્વિક સ્તરે મહિલા મંડળીઓના કામના અનુભવને મજબૂત બનાવવા બે પોડકાસ્ટ કર્યા. તેમજ દ્વિ માસિક સમાચાર પત્ર 'સહકારિતા' ૯૦૦થી વધુ ભાગીદાર સંસ્થાઓ, સભાસદ મંડળીઓને મોકલવામાં આવ્યું. આંતર રાષ્ટ્રીય સહકારી વિકાસ ભંડોળ માટે બ્રાન્ડીંગ અને વિઝ્યુઅલ માર્ગદર્શિકા બનાવી. સેવા ફેડરેશન ઓફિસની દીવાલ પર ફેડરેશનના ઈતિહાસ અને કામગીરીની માહિતીથી 'બોલતી ભીત' તૈયાર કરવામાં આવી.

સાધારણ સભામાં આવેલા 'મહિલા વિકાસ ઓદ્યોગિક હસ્તકલા મંડળી'ના પ્રમુખ સોનલબહેન કહે, ''હું સેવા ફેડરેશનમાં સહભાગી શિક્ષણ કાર્યક્રમ (ફેલોશીપ કાર્યક્રમ)માં જોડાઈ છું. વઢવાણમાં હસ્તકલાની મંડળી ચલાવું છું. મને સેવા ફેડરેશન દ્વારા તાલીમ મળી છે જેથી મારામાં ઘણો શક્તિવિકાસ થયો છે અને ધંધાની માનસિકતા વધી છે. મારા કામમાં જ્યાં પણ અટકું ત્યાં સેવા ફેડરેશન સાથ આપે છે.''

''પહેલા હું બહુ બોલતી ન હતી, ૨-૪ વ્યક્તિઓની હાજરીમાં બોલવામાં સંકોચ થતો હતો, પરંતુ હવે હું બધા સામે બોલી શકું છું. અમે તાલીમ અને શૈક્ષણિક પ્રવાસ દ્વારા ઘણું બધું શીખ્યા છીએ. હવે અમે ડીજીટલ ઉપર કામ કરીએ છીએ શરૂઆતમાં થોડુ અઘરું લાગ્યું પરંતુ ડીજીટલ ઉપર કામ કરવાથી સમય અને શક્તિ બચે છે. અમે મોબાઈલમાં એન્ટ્રી કરીએ છીએ, જેથી સમયસર ડેટા અમને મળી રહે છે જેના આધારે અમને આયોજન કરવામાં દિશા મળે છે.' આ વાત કહેતા, 'મેઘા' મંડળીના આસીટન્ટ મેનેજર રવિનાબેન.

આજે અહી આવવાનો મોકો આપ્યો એ બદલ હું સેવા ફેડરેશનની આભારી છું. અહી આવીને સેવાની બીજી પેઢી લીડરશીપ લઇને યુવા બહેનો માટે કામગીરી કરતાં તાદર્શ જોવા મળ્યા. મને ઘણો આનંદ થયો. તમે જે કામ કરી રહ્યા છો તે બહુ અગત્યનું છે, હું પણ લીડરશીપ પર અભ્યાસ કરું છું. આજે અહી આવીને મને બહુ શીખવા અને જાણવા મળ્યું છે. આ શબ્દો હતા 'ઈરમા' યુનીવર્સીટીમાંથી આવેલ પ્રોફેસર માધવીબહેનના.

ખેતીના નિષ્ણાંત સલાહકાર મહેતા સાહેબે સેવા ફેડરેશનને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, ૩૦ વર્ષથી હું સેવા સાથે જોડાયેલો છું. નાના અને સીમાંત ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા સંસ્થા, મંડળીઓ કે કંપની બનાવે છે. આપણે એ પહેલેથી જ મંડળી થકી કામ ચાલુ કરી દીધા છે. સરકારમાં પણ આ મંડળીઓના કામ જોઇને નિર્ણયો લેવામાં આવે છે. હવે કરાર આધારિત ખેતી અને આયુર્વેદિક જડીબુટ્ટીના પાક પર કામ શરું કરવાના છીએ જેમાં સહિયારા પ્રયાસની જરૂર છે.

ઓડીટર રાજેશભાઈએ જણાવ્યું કે, આપનો રીપોર્ટ જોઈને લાગ્યું કે પ્રોગ્રેસ છે અને આંકડાકીય માહિતી સરસ રીતે લખેલી છે અને આપ સૌ સારો વહીવટ અને સંચાલન કરો છો.

સેવાના મંત્રી, અનીશાબેન બાગબાને 'રચયિતા મંડળી'ના ટર્ન ઓવરની વાત કરતાં કહ્યું કે, 'રચયિતા મંડળી' એ બાંધકામ મંડળી છે. મંડળી દ્વારા બહેનોને તાલીમ આપી બાંધકામ મજુરમાંથી બેનોને કડિયા/ કારીગર બનાવી તૈયાર કરવામાં આવે છે. મંડળીમાં આ વર્ષ ૨૪-૨૫માં ૩૦ બહેનોને ૧૯ લાખ રૂપિયા રોજગારી અપાવી અને મંડળીનું ટર્ન ઓવર ૨૪,૮૪,૨૫૦/- છે અને વધારો રૂ. ૬,૪૯,૧૯૩/- થયો છે.

અકાઉટન્ટ સ્મૃતિબેન શાહે સંઘનો નાણાંકીય રીપોર્ટ, નફા ફાળવણીની વિગતો સૌ સમક્ષ વાંચી સંભળાવી.

સંઘના વર્ષ ૨૫-૨૬નું આયોજન પાયલબહેને વાંચી સંભળાવ્યું.

નવા પેટાકાયદાના સુધારા મુજબ સંઘના આવનાર પાંચ વર્ષ માટે કારોબારીની ચૂંટણી પ્રક્રિયા થઇ.

સંઘના મેનેજીંગ ડિરેક્ટર જીગીષાબહેને સૌ કાર્યકરને કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા. તેમજ સભાસદ મંડળીઓને જણાંવ્યું કે, તમને જ્યાં પણ સેવા ફેડરેશનની મદદની જરૂર હોય ત્યાં તમારી સાથે જ છે તમે આગળ આવો આપણે સાથે મળીને કાર્ય કરીશું.

જુની કારોબારી સભ્યોનો પ્રમુખે હૃદયપૂર્વક આભાર માન્યો અને સાડી ભેટ આપી સન્માન કર્યા અને નવી કારોબારી સભ્યોનું સ્વાગત સાથે અભિનંદન પાઠવ્યા.

આ પ્રસંગે સહુએ 'સેવા'ના સ્થાપક ઈલાબહેનને હૃદયપૂર્વક યાદ કર્યા. જેમણે 'સેવા'માં સહકારિતાનો પાયો નાંખ્યો.

અંતમાં 'અમે પાર કરીશું' ગીત ગાઈ અને 'હમ સબ એક હૈ!'ના નારા સાથે સભાની પૂર્ણાહૂતિ થઇ.

**- પાયલ**

❑

# અપેક્ષાની ડાયરીનું પાનું...

મારુ નામ અપેક્ષા છે. હું 'સેવા'માં સંગઠનનું કામ કરું છું. મારું ગામ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાનું  નાનીદેવતી ગામ છે.

અમને 'સેવા' દ્વારા સેવા મિડીયા એન્ટરપ્રિન્યોરની તાલીમ આપવામાં આવી જેમાં, આપણે સેવામાં જે કામ કરી રહ્યા છીએ, જેવા કે, સંગઠન, રૂડી, કમલા, સ્વચ્છ આકાશ ઝુંબેશ, હરિયાળા ગામો, ખેતી ઝુંબેશ, આરોગ્યનું વગેરે કામોને આપણે આપણા જે સભ્યો છે, તેમના સુધી સોશિયલ મિડીયા દ્વારા કઇ રીતે લઇ જઇએ, તેની તાલીમ અમે લીધી છે. તેની રીલ બનાવીને સભ્યો સુધી પહોંચાડીએ છીએ.

અમે જે રીલ બનાવી રહ્યા છીએ તે ખરેખર આપણા સભ્યો જુએ છે અને બદલાવ આવે છે. જેનો મેં જાતે જ અનુભવ કર્યો છે. કેમ કે, જ્યારે અમે ગામડામાં નવું સંગઠન કરવા ગયા ત્યાં એક ઘરે અમારી સાથે વાત કરવાની અને ફોટા પાડવાની ના પાડી. પરંતુ, તેમના દીકરાએ અમારી રીલ જોઇ હતી. જેથી તેમને તેમના દાદી, મમ્મી અને બેનને સમજાવ્યા કે, આ બહેનો આપણા બીજા ગામમાં કામ કરે છે અને આ સંગઠન આપણા જેવા ગરીબ, શ્રમજીવીઓ માટે સારું કામ કરે છે, એટલે ફોટા પાડવા દેશો તો કંઇ તકલીફ નહીં આવે તે સમજાવ્યા જેથી તેઓ તાલીમમાં બેઠા, ફોટા લેવા દીધા અને સંગઠનમાં જોડાયા.

હવે વાત કરું 'સેવા બેંક'ની. 'સેવા'ના સભ્યોને સેવા બેંક સાથે જોડવાથી ઘણા બધા ફાયદા થાય છે જેમાં મને પોતાને પણ ખૂબ જ ફાયદો થયો છે. હું ૨૦૧૯થી સેવાની સભ્ય બની અને બચત કરતી થઇ છું. જે બચતથી મારું સપનુ હતુ પોતાની એકટીવા ગાડી લેવાનું, જે પુરું થયું છે. અને આ બચતમાંથી મને પૈસાની જરૂર હતી ત્યારે લોન પણ મળી છે. સેવા બેંકમાં બહેનોના બચત

Estd. 1974 Reg. No.: S 12446

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન: ૦૭૯-૨૬૫૮૧૬૫૨, ૦૭૯-૨૬૫૮૧૫૯૭, ઈ-મેલ:- mail@sewabank.com
વેબ સાઈટ:- www.sewabank.com

ગુજરાતમાં ૧૩ શાખાઓ સાથે ૫૨ વર્ષથી સેવા આપતી બેંક

**મેળવો સરળતાથી અને ઝડપી લોન ઓછામાં ઓછા ડોક્યુમેન્ટ્સ સાથે**



ગોલ્ડ લોન



ઘર લોન




વાહન લોન




મેળવો ડીપોઝીટ ઉપર ૯0% સુધી નો ઓવર ડ્રાફ્ટ



ધંધો વિકસાવા માટે લીમીટવાળી લોન



ધંધા ને લગતા મશીન ખરીદવાની લોન

અન્ય :

- સેવા બેંકમાં ખાતું ખોલાવો અને સરળતાથી લોન મેળવો
- મોર્ટગેજ લોન સુવિધા
- ઈ.સી.એસ. તથા યુપિઆઈ દ્વારા ઘરે બેઠા સરળતાથી હપ્તા ભરવાની સેવા ઉપલબ્ધ

મંડળ પણ બનાવે છે અને નાના મોટા ધંધા શરૂ કરવા માટે લોનની સહાય પણ કરે છે.

મેં સેવામાં જ જોડાવવાનું કેમ નક્કી કર્યુ ? પહેલાં તો, 'સેવા' એ બહેનોનું સંગઠન છે. મને ઘરેથી કામ કરવાની ના પાડી હતી પરંતુ, સેવામાં ગરીબ, શ્રમજીવી અસંગઠિત ક્ષેત્રની કામદાર બહેનો સાથે કામ કરવાનું.. જેથી મને ખુશી ખુશી વર્તાય છે. ઘરનાએ કીધું કે, અપેક્ષા, તું આ સંગઠનમાં જોડાઇશ તો તને પણ ઘણું શીખવા મળશે.

સેવામાં બધા ઉંમરના બહેનો કામ કરે છે એ પછી ૮૦ વર્ષના હોય કે ૧૮ વર્ષના કા તો ૨૫ કે ૫૦ વર્ષના આ બહેનોમાંથી ઘણુ બધુ શીખવા અને જાણવા મળે છે.

આપણે આપણા મનની વાત આપણા ઘરના લોકો સાથે નથી કરી શકતા પરંતુ, 'સેવા'ની બહેનો સાથે મન ખોલીને વાત કરી શકીએ છીએ. 'સેવા'માં જોડાયા પછી ઘણુ બધું શીખવા અને જાણવા મળ્યું છે.

❑

## શ્રધાંજલિ

## કમળાબહેનને મારા કોટિ કોટિ વંદન



મારી સેવા વહીવટ ટીમમાં કામ કરવાની સફર શરૂ થઇ, પછી હાઉસકીપીંગના કામની ઝીણી-ઝીણી સમસ્યા અને ગોઠવણો શીખવાની પ્રક્રિયા દિન પ્રતિદિન નિતનવી હોય. અમારા ટીમના અનુભવી વડીલ એવા મણીબહેન, વાસંતીબહેન અને કમળાબહેન પાસેથી આ કામ ગોઠવતાં શીખી. એમ કહું તો ખોટું ન કહેવાય. હાઉસકીપીંગના બહેનો એટલે નિષ્ઠા અને પ્રમાણિકતાના જીવતા જાગતા દાખલા.

કમળાબહેનને મારા કોટિ કોટિ વંદન અને સદા અમારા સાથે જીવંત રહેશો તેવી પ્રાર્થના.

**- અમી**

❑

## કમળાબહેન સાથે મારી છેલ્લી મુલાકાત

૩૧મી જાન્યુઆરી ૨૦૨૬, કમળાબહેન ગયા. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે. તેમને છેલ્લા ત્રણ વર્ષથી બિમાર રહેતા હતા. સેવામાં હું વહિવટ વિભાગમાં જોડાઇ ત્યારથી કમળાબહેન સાથે કામ કરવાની તક મળી હતી. જેમ જેમ તેમની સાથે કામ કરતી ગઇ તેમ તેમની સાથેના સંબંધો વધુ ગાઢ થતાં ગયા. એક બહેનપણી-વડીલ તરીકે સલાહકાર બની દરેક બાબતે સલાહ-સૂચન આપી સાચવતાં. તેમની સાથે મજાક કરીએ તો પણ તે હસી નાખતા. તેમનો બાંધો એકદમ એકવડિયો પણ, કાઠો. એટલે હું એમને કહેતી કે, તમે તો પવનમાં ઊડી જાઓ એવાં,પવનપાવડી જેવાં છો. તે કોઇ દિવસ ખોટુ નહોતા લગાડતા.

આપણા ઇલાબહેન પણ તેમનો પાતળો બાંધો જોઇ કહેતાં, ''તમને તો આખી રાત ઘી માં બોળીને રાખીએ ને તો પણ, એવા ને એવા જ રહેવાના છો.''

કમળાબહેન સાથે મારી છેલ્લી મુલાકાત થઇ, મારા દીકરાના લગ્નની કંકોત્રી આપવા માટે હું તેમના ઘરે ગઇ હતી ત્યારે.મને જોઇને ખુશ થઇ ગયા. મે કીધું, કમળાબહેન લગ્નમાં આવવાનું છે હોં... તેમણે હસતાં મોઢે કીધું, હા મને સારું હશે તો આવીશ. મને શ્વાસ ચઢે છે, એટલે મારે ઓક્સિજન લેવું પડે છે.મારી પ્રિતી(દીકરાની દીકરી)ના લગ્ન છે, પણ મારી તબિયતના ઠેકાણા નથી એટલે અમે જલ્દીથી લગ્ન લઇ લીધા છે. માટે પણ તમે ચોક્કસ આવજો.

કમળાબહેનને બહુ ઇચ્છા હતી પ્રિતીના લગ્ન જોવાની, જેનો એમને એક વસવસો રહી ગયો હશે ! આપણા હાથમાં કશું નથી, ઇશ્વરની ઇચ્છાને આપણે આધીન થવું રહ્યું.

**- મોનિકા**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
22-2-26

**અનસૂયા**

- ૪૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-2-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]